## 'હરિરિહ વ્રજયુવતી શતસંગે'

[કીર્તન કુસુમાકર ભા. ૨ પાન નં. ૨ કીર્તન નં. ૪]

મહા સુદ પાંચમથી વસંત-ખેલનો આરંભ થાય. રાજભોગનાં દર્શનમાં શ્રી....ને ચંદન, ચોવા, ગુલાલ, અબીરના સૂક્ષ્મ ખેલ થાય. મહા સુદ ૫ થી ૧૫ સુધી દર્સ દિવસ ખેલ સમયે શ્રીગુસાંઈજી કૃત નીચેની અષ્ટપદી 'વસંત' રાગમાં ગવાય છે.

શ્રીગુસાંઈજીએ **'શૃંગારરસમંડન'** ગ્રંથની રચના કરી છે. આ ગ્રંથનાં ત્રણ પ્રકરણ છે. **(૧) રસસર્વસ્વ** કુમારિકા ગોપીજનોના કાત્યાયની વ્રત અને ચીરહરણનું આમાં નિરૂપણ છે. **(૨) દાનલીલા** શ્રીચંદ્રાવલીજી આદિ શ્રુતિરૂપા ગોપીજનો પાસેથી દાનના મિષે કરેલ પ્રભુના લીલા-વિલાસનું આમાં નિરૂપણ છે. **(૩) ઉલ્લાસ** આ પ્રકરણમાં દશ ઉલ્લાસ છે. તેમાં શ્રીરાધિકાજીના વિપ્રયોગ અને પ્રભુ સાથેના સંયોગ-વિલાસનું નિરૂપણ છે.

આ દશ 'ઉલ્લાસ' પૈકીના પ્રથમ 'ઉલ્લાસ'માં આ અષ્ટપદીની રચના છે.

પ્રસંગ આ પ્રમાણે છે : એક દિવસ બે વ્રજ-રત્ના વ્રજાંગનાઓ શ્રીયમુનાજીના પુલિન પરની એક નિકુંજમાં ભેગાં થઈ ગયાં. બંને સખીઓ પોતાનાં પ્રાણ-પ્રિયતમની રસભરી લીલાઓનું સ્મરણ-કીર્તન કરવા લાગ્યાં.

એક સખી પૂછે છે : બહેન ! આપણાં સ્વામિની શ્રીરાધિકાજીનું પ્રિયતમ શ્રીકૃષ્ણ સાથે પ્રથમ મિલન થયું તે પ્રસંગ મને કહે.

બીજી સખીએ મનમાં શ્રીસ્વામિનીજીનું અતિ પ્રેમથી મંગલ સ્મરણ કર્યું. સ્મરણ થતાં તેના અંગ-અંગ રોમાંચિત થયાં. વિશાળ નેત્રોમાં અશ્રુ ઉભરાયાં. લીલા-રસ-સાગર હૈયેથી છલકાઈ હોઠેથી વહેવા લાગ્યો..

તેણે કહ્યું : સખી ! સૌ પ્રથમ એક દિવસ શ્રીરાધિકાજી સખીઓ સાથે બરસાનાથી વૃંદાવન પધાર્યાં હતાં. વૃંદાવનમાં શ્રીયમુના-તટ પર અતિ રળિયામણું વાતાવરણ હતું. ત્યાં તેમણે શ્રીશ્યામસુંદરને અનેક વ્રજાંગનાઓનાં વૃંદોથી વીંટળાયેલાં નિહાળ્યાં.

શ્રીયુગલ સ્વરૂપોએ પરસ્પરને નીરખ્યાં. ચાર નેત્રો એક થયાં. નેત્રોમાંથી પ્રેમનો ધોધ પ્રગટ્યો. રોમ-રોમ ખડાં થઈ ગયાં. પરસ્પરનાં નેત્ર-કટાક્ષોથી પરસ્પરનાં હૃદય વીંધાઈ ગયાં.

આમ લાંબા સમય સુધી ઠાડાં રહેવાથી શ્રીરાધિકાજી શ્રમિત થયાં. ભાવવિવશ બની લલિતાજી સાથે બીજી નિકુંજમાં પધાર્યાં, ત્યાં દીન બની, પ્રિયતમના ધ્યાનમાં લીન બની, લલિતાજીને પોતાના મનોભાવ જણાવ્યા.

ચતુર લલિતાજી પ્રિયાજીને, શ્યામસુંદર-વિહાર કરતા હતા, ત્યાં નજીકની એક નિકુંજમાં પધરાવી ગયાં. તદ્દન નજીકથી, જાલરંધ્રમાંથી પ્રિયાજીને પ્રભુના લીલા-વિલાસની ઝાંખી કરાવતાં, લલિતાજીએ શ્રીવ્રજરાજકુંવરના એ વિલાસનું જે ગાન કર્યું તે આ અષ્ટપદી.

પ્રિયાજી નિરખે છે અને લલિતાજી ગાય છે.

આપણે આ અષ્ટપદીનો અર્થ અને ભાવ વિચારીએ.

આ અષ્ટપદી સંસ્કૃતમાં છે. તેમાં નવ પદ (શ્લોક) છે. પ્રભુએ નવ પ્રકારના ભાવવાળાં વ્રજભક્તો સાથે અહીં લીલા-વિહાર કર્યો છે. મુખ્ય વ્રજભક્તો નિર્ગુણ ભાવવાળાં છે. તેમનાં સ્વામિની શ્રીરાધિકાજી છે. તેઓ આ વિહારમાં સંમિલિત નથી. આ વિહાર સાત્વિક, રાજસ અને તામસ-ભાવ-પ્રધાન વ્રજભક્તો સાથેનો છે.

### પદ : ૧

હરિરિહ વ્રજયુવતીશતસંગે
વિલસતિ કરિણીગણાવૃતવારણવર
ઇવ રતિપતિ માન ભંગે. ૧

**પદ્યાનુવાદ** (ગુજરાતી)

હરિ અહીં વ્રજયુવતીશતસંગે,
વિલસે કરિણી-ગણમાં નવ ગજ-વર
રતિપતિ માન ભંગે. ૧

(વ્રજભાષા)

વ્રજમેં વિહરત નંદલાલા,
કોટિક મન્મથ માન લજાવત,
સંગ લિયે વ્રજબાલા,
કરિણી-યૂથ મહામસ્ત હસ્તી,
કરત વિહાર રસાલા,
મદભર નયન વિશાલા,
વ્રજમેં વિહરત નંદલાલા. (૧)

**અન્વયાર્થ** – **રતિપતિમાનભંગે** – રતિપતિ = કામદેવ = કામદેવનું અભિમાન તોડનારાં એવાં હે શ્રીરાધિકે! – **ઇહ** = અહીં – **હરિઃ** = શ્રીહરિ – **વ્રજયુવતી શતસંગે** = સેંકડો વ્રજયુવતીઓનાં સંગમાં – **કરિણીગણાવૃત-વારણવર** = હાથિણીઓનાં ટોળાથી વીંટળાયેલ ગજરાજ – **ઇવ** = ની જેમ – **વિલસતિ** = વિલાસ કરે છે. (૧)

**ભાવાર્થ** : રતિ અને કામદેવના મદનું મર્દન કરે તેવી હે શ્રીરાધિકે! જો, અહીં કોટિ કામને લજાવે તેવી સેંકડો વ્રજયુવતીઓ સાથે શ્રીહરિવર વિલસી રહ્યા છે–ક્રીડા કરે છે. જાણે કોઈ મદોન્મત્ત ગજરાજ હાથિણીઓના ટોળાથી વીંટળાઈ, મસ્ત બની વિહાર ન કરતો હોય! (૧)

**વિવેચન :** શ્રીસ્વામિનીજીને 'રતિપતિમાનભંગે' એવું સંબોધન કર્યું. કારણ કે હે પ્યારીજી, તમે તમારી સુંદરતાથી રતિ અને કામદેવના મદનું ખંડન કર્યું છે, તેમ કોટિકંદર્પલાવણ્ય શ્રીશ્યામસુંદરના માનનું પણ તમે ખંડન કરશો. માટે અત્યારે આપ આ ક્ષણના વિયોગથી વ્યથિત ન થાવ, તેમ સૂચવ્યું છે.

બીજું કારણ આ પણ છે : રતિને ગર્વ છે કે મારા અને મારા પતિ જેવી સુંદરતા કોઈનામાં નથી. અહીં પધારેલાં સેંકડો વ્રજભક્તો અને વ્રજેશે રતિના આ ગર્વનું ખંડન કર્યું છે. રતિપતિ કામદેવને પણ ગર્વ હતો કે શિવજી જેવા મહાન યોગીને પણ મેં કામવિવશ કરી દીધા. પ્રભુએ અહીં આટલાં બધાં વ્રજભક્તો સાથે રમણ કર્યું, પણ પોતે 'અચ્યુત' રહીને; કામદેવનો ગર્વ ઓગાળી નાંખ્યો; માટે "રતિપતિમાનભંગે."

અહીં શ્રીશ્યામસુંદર માટે 'હરિ' શબ્દ વાપર્યો હરિ એટલે હરણ કરનાર. પ્રભુએ વિહારમાં સંમિલત વ્રજભક્તો અને વિહાર નિરખતાં શ્રીરાધિકાજીના મનનું હરણ કરી, પોતાનામાં જોડયું છે.

'હરિ' શબ્દનો બીજો અર્થ છે હાથી. પ્રભુને અહીં ગજરાજ સાથે સરખાવ્યા છે, માટે આપની અલૌકિક ગજરાજ પ્રકૃતિનું સૂચન 'હરિ' શબ્દથી થાય છે.

પ્રભુની ક્રીડાને હાથીની ક્રીડા સાથે કેમ સરખાવી ? રસશાસ્ત્રમાં ઉત્તમ રમણ માટે હાથીનું દૃષ્ટાંત આપવામાં આવે છે. રતિસુખનો સર્વોત્તમ આનંદ હાથી જ માણી શકે છે અને એક સમયે અનેક હાથણીઓને તે આનંદથી સંતુષ્ટ કરી શકે છે. બીજા હાથીને ત્યાં પ્રવેશ મળતો નથી. તેવી રીતે એક સમયે અનેક વ્રજભક્તોને પ્રભુ રસદાન કરે છે ત્યાં બીજા કોઈ પુરુષનો પ્રવેશ નથી.

આમ, આ પ્રથમ પદમાં પ્રભુના વ્રજભક્તો સાથેના સમૂહ–વિલાસનું નિરૂપણ થયું.

હવેના પ્રત્યેક પદમાં વિવિધ ભાવવાળાં પ્રત્યેક વ્રજભક્ત સાથેના અલગ અલગ વિલાસનાં દર્શન અને ગાન છે. (૧)

પદ : ૨

વિભ્રમ સંભ્રમ લોલ વિલોચન
સૂચિત સંચિત ભાવમ્,
કાપિ દૃગંચલ કુવલય નિકરૈ:
રંચતિ તં કલરાવમ્. ૨

**પદ્યાનુવાદ : (ગુજરાતી)**

ભ્રમિત વિલાસે, ચંચલ નયને,
સૂચવતા બહુ ભાવ,
કોઈક નેત્રકટાક્ષ–કમળથી,
પૂજે પિયુ કલરાવ. ૨

(વ્રજભાષા)

રાસ–વિલાસમેં લોલ–લોચનસોં,
પ્રકટત ભાવ રસાલા;
તાપ ત્રિય–નેત્ર–કટાક્ષ–કમલસોં,
પૂજત શ્યામ તમાલા,
અંતરમેં આનંદ અપારા,
વ્રજમેં વિહરત નંદલાલા. ૨

**અન્વયાર્થ : વિભ્રમ સંભ્રમ** = ત્વરાથી ફરતાં ફરતાં (વિહરતાં) **લોલ વિલોચન** = ચંચળ નયનો, **સૂચિત** = સૂચવે છે, **સંચિત ભાવમ્** = મનના ભાવો, **તં** = તેનો, **કલરાવમ્** = કલરવ (મધુર વચનો), **કાપિ** = કોઈક, **દૃગંચલ** = નેત્રકટાક્ષો, **કુવલયનિકરૈ:** = કમળો વડે, **અંચતિ** = પૂજા કરે છે. (૨)

**ભાવાર્થ :** પ્રિયતમ ત્વરાથી વ્રજયુવતીઓના યૂથમાં ઘૂમી રહ્યા છે. ઘૂમતાં ઘૂમતાં ક્યારેક જાણે પ્રભુ નીચું જોઈને શરમાઈ જાય છે, ક્યારેક વ્રજયુવતીઓની સામે જુએ છે. તેમને રસદાન કરવાનાં પોતાના મનમાં સંચિત કરેલા ભાવોને પ્રભુ ક્યારેક નેત્રો દ્વારા અને ક્યારેક વાણી દ્વારા સૂચવે છે. આવા પ્રાણનાથને કોઈક ગોપી પોતાના નેત્રકટાક્ષોથી નિરખી રહી છે. જાણે પોતાનાં નયન રૂપી કમળો વડે પ્રભુનું પૂજન ન કરતી હોય !

**વિવેચન :** 'કલરાવમ્' પદ દ્વારા વેણુનાદનું પણ સૂચન છે. રસલીલામાં વેણુનાદ અને મધુર વચન કામદેવનાં ઉદ્બોધક છે. "અમ્" ધાતુ પૂજાના અર્થમાં વપરાય છે. વ્રજભક્ત નેત્ર–કમળથી પ્રભુની પૂજા કરે છે, એટલે પોતાના નેત્ર–કમળના કટાક્ષોથી પ્રભુને મોહિત કરી રસવશ કરે છે. ત્વરિત વિહાર, નેત્ર–કટાક્ષ, મધુર વચનો અને વેણુનાદ દ્વારા રસનો ઉદ્બોધ–પ્રાકટ્ય થયો છે.

આ ક્રીડાવિહાર **"સાત્વિક – સાત્વિક"** વ્રજભક્તો સાથેનો જણાય છે. પૂજન એ સાત્વિક ભક્તોનો સ્વભાવ–ધર્મ છે. કમળ સાત્વિકોમાં પણ સાત્વિક છે. તેથી કમળ દ્વારા પૂજન 'સાત્વિક–સાત્વિક' વ્રજભક્તોનું સૂચન કરે છે, જેઓ પ્રભુના નેત્રકટાક્ષો દ્વારા જ રસવશ થઈ ગયાં છે. (૨)

પદ : ૩

સ્મિતરુચિ રુચિરતરાનનકમલ-
મુદીક્ષ્ય હરેરતિકંદમ્,
ચુંબતિ કાપિ નિતંબવતી
કરતલધૃત ચિબુકમમન્દમ્. ૩

પદ્યાનુવાદ : (ગુજરાતી)

સ્મિત રુચિએ હરિનું સુંદર
મુખ-કમલ જોઈ સુખ-કંદ,
ચુંબે કોઈ નિતંબવતી,
કર પેર ગ્રહી ચિબુક અમંદ. ૩
(વ્રજભાષા)

મધુર મધુર મુસકત મોહન-મુખ-
નિરખત ઇક વ્રજબાલા,
ભારી નિતંબવતી ગ્રહી ઠોડી,
ચુમત પિયકે ગાલા,
પિબત પિયૂષકો પ્યાલા,
વ્રજમેં વિહરત નંદલાલા. ૩

**અન્વયાર્થ : હરેઃ** = હરિના, **અતિકંદમ્** = ખૂબ સુંદર; **સ્મિત રુચિરુચિરતર** = મધુર સ્મિતથી વધુ સુંદર, **આનન કમલમ્** = મુખ કમળને, **ઉદીક્ષ્ય**=જોઈને, **કાપિ નિતંબવતી**= કોઈ એક નિતંબવતી, **કરતલ ધૃત** = હથેળીમાં ધારણ કરીને, **ચિબુકમ્** = હડપચીને, **અમંદમ્**= આતુરતાપૂર્વક (દીર્ઘ સમય સુધી), **ચુંબતિ** = ચુંબન કરે છે. (૩)

**ભાવાર્થ** : અલૌકિક રતિરસને પ્રકટ કરતું શ્રીહરિનું સુંદર વદનકમળ મંદ સ્મિતથી સવિશેષ મનોહર જણાય છે. આવા અદ્‌ભુત મુખારવિંદને નિરખતાં કોઈક સુંદર નિતંબોવાળી ગોપિકા, સંયમ ગુમાવીને પ્રભુના શ્રીમુખની હડપચીને પકડીને બળપૂર્વક, ઉચ્ચ સ્વરે સિસકારા કરતી, દીર્ઘ સમય સુધી એ મુખારવિંદને ચૂમે છે. (પ્રભુના અધરામૃતનું પાન કરે છે.) (૩)

**વિવેચન** : પ્રભુનું મુખારવિંદ સહજ સુંદર છે. પણ અત્યારે અલૌકિક રતિરસનો આનંદ મુખ પર વિલસે છે. તેથી પ્રભુ મંદ સ્મિત કરે છે. ત્યારે આપનું મુખારવિંદ વિશેષ શોભાયમાન જણાય છે. તે દ્વારા પ્રભુ ગોપિકાનું મન હરે છે માટે અહીં "હરિ" પદ છે.

જેની કટિની નીચેની જંઘાનો પૃષ્ઠ ભાગ અતિ સુંદર હોય તેને "નિતંબવતી" કહે છે. "નિતંબવતી" પદ સાત્વિક ધર્મનો સૂચક છે; જ્યારે ચુંબન રાજસ ધર્મ છે. તેથી આ વ્રજભકત સાત્વિક-રાજસ ભકત છે. (૩)

પદ : ૪

ઉદ્‌ભટ ભાવવિભાવિત ચાપલ
મોહન નિધુવનશાલી,
રમયતિ કામપિ પીનઘનસ્તન
વિલુલિત નવવનમાલી. ૪

પદ્યાનુવાદ : (ગુજરાતી)

ઉત્કટ ભાવ પ્રકાશિત ચાપલ
મોહન નિધુવનશાલી,
રમતા કો પીનઘનસ્તન
પર ઢળતા વનમાળી. ૪
(વ્રજભાષા)

સુરત-સમરમેં શૂર: શિરોમણિ,
મનહર મોહન લાલા,
વિહરત વ્રજજનસોં ઝુક ઝુકકે,
ધન: સ્તનપેં વનમાલા,
ચંચલ ભયે અંગ રસાલા,
વ્રજમેં વિહરત નંદલાલા.

**અન્વયાર્થ** : **નિધુવનશાલી મોહન** = નિધુવન (નિધિવન) ને શોભિત કરનારા મોહન, **ઉદ્‌ભટ ભાવ વિભાવિત** = ઉત્કટ ભાવથી વિભાવિત, **ચાપલ** = ચપળ, **રમયતિ** = રમણ કરે છે, **કામપિ** = કોઈકના, **પીનઘનસ્તન** = પ્રગાઢ સ્તનો પર, **નવવનમાલી** = નવીન વનમાલા, **વિલુલિત** = વિલસે છે. (ઝૂલે છે) (૪)

**ભાવાર્થ** : નિધિવનને અલંકૃત કરતાં મદન-મોહન પ્રભુમાં, રસદાન કરવાના ભાવો ઉત્કટ બનતાં, તે માટે આપ ચપળ બન્યા છે, કોઈક પ્રગાઢ સ્તનોવાળી ગોપિકાને આપે નમાવી, નિજ અંગને આંદોલિત કરી, તે ગોપિકા પર આપ ઝૂકે છે, ત્યારે આપના કંઠમાં બિરાજતી નૂતન વનમાળા, તે ગોપિકાનાં કઠણ, પ્રગાઢ ઉરોજ-યુગલ પર ઝૂલે છે. (૪)

**વિવેચન** : જેમ રસદાન માટે પ્રભુમાં ભાવ ઉત્કટ બન્યા છે, તેમ રતિરસ માણવા ગોપિકાઓના હૃદયમાં પણ ઉત્કટ ભાવની ભરતી થવાથી, તેઓ પ્રભુ અતિ ચપળ બની પ્રભુ સાથે રમણ કરે છે. પરસ્પરના ભાવની ઉત્કટ ભરતી થતાં, રમણ કરતાં પ્રભુની વનમાલા તેમના ઉરોજ પર ઝૂલે છે, પ્રભુ પણ તેમના પર ઝૂકી રસદાન કરે છે.

પ્રભુને અનુકૂલ રમણ કરવું તે સાત્વિક ધર્મ છે. જ્યારે ભાવની ઉત્કટતા એ તામસ ધર્મ છે. તેથી આ ગોપિકા 'સાત્વિક-તામસ' છે. તેમના સામ્પ્રદાનાર્થે પ્રભુનું રમણ છે.

[illegible]
નિજપરિરંભકૃતેનુદ્રુતમભિવીક્ષ્ય હરિં સવિલાસમ્,
કામપિ કાપિ બલાદકરોદગ્રે કુતુકેન સહાસમ્. ૫

**પદ્યાનુવાદ : (ગુજરાતી)**

નિજ પરિરંભણ કરવે સત્વર,
નિરખી હરિ સવિલાસ,
કોક કોઈને બળથી
આગળ કરે કૌતુકે સહાસ. ૫

( વ્રજભાષા )

નિરખત નાથ નિકટ નિજ આવત,
આલિંગનકો રસાલા,
કર દઈ ઔર કાહુકો બિંચમેં,
ચકરી મદનકી જાલા,
હંસી સખહી વ્રજબાલા,
વ્રજમેં વિહરત નંદલાલા. ૫

**અન્વયાર્થ : સવિલાસમ્** = ક્રીડા–વિલાસ કરતા, **હરિં** = હરિને, **નિજપરિરંભકૃતે** = પોતાને આલિંગન આપવા માટે, **અનુદ્રુતમ્** = ઝડપથી આવતા, **અભિવીક્ષ્ય** = જોઈને, **કાપિ** = કોઈક ગોપીએ, **કામપિ** = બીજી ગોપીને– કુતુકેન, કૌતુક કરવા માટે, **બલાત્** = બળપૂર્વક, **અગ્રે** = આગળ, **અકરોત્** = કરી, **સહાસમ્** = હાસ્યપૂર્વક.

**ભાવાર્થ** : બીજી એક ગોપિકા જુએ છે કે વિલાસવંશ પ્રિયતમ પોતાને આલિંગન આપવા રસમાં ઝૂમતા ઝડપથી તેની સામે આવી રહ્યા છે, ત્યારે તે કૌતુકવતી ગોપિકા હસતાં હસતાં પોતાની પાસે ઊભેલી બીજી એક ગોપિકાને પોતાની આગળ પ્રભુની સામે ઊભી કરી દે છે. ૫

**વિવેચન** : પ્રથમ નજરે આ લીલા હાંસીની જણાય છે. પણ તેમાં પુષ્ટિમાર્ગનો ખૂબ ઊંચો ભાવ રહેલો છે. આપણે સામાન્ય રીતે પ્રભુનાં દર્શન અને સેવામાં બીજાને પાછળ રાખી, પોતે આગળ જવાનો આગ્રહ રાખીએ છીએ. આ કામભાવ છે. તે ઊતરતી કક્ષાનો છે. પોતે પાછળ રહી, બીજાને આગળ કરી લાભ લેવા દેવો એ સર્વાત્મભાવ છે. તે ઉત્તમ કક્ષાનો છે. પુષ્ટિમાર્ગમાં સર્વાત્મભાવની વિશેષતા છે. આ ગોપિકા પોતે પ્રભુનું આલિંગન ન માણતાં, બીજાને લાભ કરી આપી આવો સર્વાત્મભાવ બતાવે છે.

આ કૌતુકથી ગોપિકા હસી, તેમ પ્રભુ પણ પ્રસન્ન થઈ હસ્યા.

આ પદમાં બે ગોપિકાઓ સાથે લીલા–વિલાસ છે. બીજા ગોપિકાને આગળ કરી, પોતે પાછળ હટનાર ગોપિકા 'રાજસ–રાજસ' છે. આમ કરવાથી તે ગોપિકાનો પોતાનો રસ અધિક પુષ્ટ થયો છે.

સન્મુખ આવેલ જે ગોપિકાને પ્રભુએ આલિંગન આપ્યું, તે ગોપિકા 'રાજસ–સાત્ત્વિક' છે. તેમણે સ્વયં પોતાના સુખ માટે મનોરથ કર્યો નથી. (૫)

**પદ : ૬**

કામપિ નીવિબંધ વિમોકસસંભ્રમલજ્જિતનયનામ્,
રમતે સંપ્રતિ સુમુખિ બલાદપિ
કરતલધૃતનિજવસનામ્. ૬

**પદ્યાનુવાદ : (ગુજરાતી)**

કોઈક નીવિ–બંધ વિમોચનં,
સંભ્રમ લજ્જિત નયનો,
રમતાં હમણાં સુમુખિ ! હઠ થકી,
કરથી ધરી નિજ વસનો. ૫

(વ્રજભાષા)

નીવી–બંધ છુડાવત છલસોં,
લજ્જિત નેત્ર વિશાલા,
રમત રમણ રમણી સંગ બલસોં,
કર ધરે વસન રસાલા,
ભઈ રસબસ વેહ વ્રજબાલા,
વ્રજમેં વિહરત નંદલાલા.

**અન્વયાર્થ : કામપિ** = કોઈક ગોપીની **નીવીબંધવિમોકસ** = નીવીબંધ છોડાવતાં **સંભ્રમલજ્જિત નયનામ્** = સંભ્રમથી લજ્જિત નયનોવાળી **સુમુખિ** = હે સુંદરી **સંપ્રતિ** = અત્યારે **નિજવસનામ્** = પોતાનાં વસ્રોને **કરતલધૃત** = હાથથી પકડી **રમતે** = રમણ કરે છે. (૬)

**ભાવાર્થ** : હે સુમુખિ રાધે ! જુઓ, રસક્રીડામાં ઉન્મત્ત બનેલા પ્રિયતમ પેલી વ્રજબાળાના નીવીબંધને છોડવા તત્પર થયા છે, ત્યારે તે સુંદરી શું કરવું અને શું ન કરવું તેવા સંભ્રમથી નયનોમાં લજ્જા આણી, પોતાનાં વસ્રોને પોતાના હસ્તથી પકડી રાખે છે. સરકવા દેતાં નથી. આવી ગોપિકાને શ્રીરસેશ બળપૂર્વક રમણ–રસદાન કરી રહ્યા છે. (૬)

**વિવેચન** : આ પ્રસંગમાં એ સિદ્ધાંત બતાવ્યો કે જ્યારે ભક્ત ભગવદ્‌સંબંધી બાબતમાં લોકવેદની લજ્જા–કાનિને વશ થઈ સંકોચ અનુભવે છે, ત્યારે ભગવાન બળપૂર્વક એ ભક્તનો સર્વ સંકોચ દૂર કરાવી, તેને અલૌકિકમાં પ્રવૃત્ત કરી, રસદાન કરે છે.

આ ગોપાંગના 'રાજસ–તામસ' છે. નેત્રમાં લજ્જા એ 'રાજસ' ધર્મ છે અને હઠ કરવી એ 'તામસ' ધર્મ છે.

## પદ : ૭

પ્રિયપરિરંભ વિપુલ પુલકાવલી દ્વિગુણિત-સુભગશરીરા,
ઉદ્‌ગાયતિ સખિ કાપિ સમં હરિણા રતિરણધીરા. ૭

### પદ્યાનુવાદ : (ગુજરાતી)

પ્રિય આલિંગન વિપુલ પુલક
ધર દ્વિગુણિત સુભગ શરીરા,
ગાય કોઈ સખી હરિવર સંગે
રતિ રસમય રણધીરા. (૭)

(વ્રજભાષા)

પિયકે મિલનસોં ભયો પુલકિત તન,
વિકસત અંગ રસાલા,
પિય સંગ ગાવત ઊંચે સુરસોં,
રતિ-રસ આતુર બાલા,
લિપટ રહી શ્યામ તમાલા,
વ્રજમેં વિહરત નંદલાલા.

**અન્વયાર્થ :** **પ્રિયપરિરંભ** = પ્રિયતમને આલિંગવાથી **વિપુલ પુલકાવલી** = જેમની સમગ્ર રોમાવલી રોમાંચિત થઈ છે. **દ્વિગુણિત-સુભગશરીરા** = જેમનું સુંદર શરીર સુપુષ્ટ બન્યું છે, **રતિરણધીરા** = જે સુરત-સંગ્રામમાં ધીર છે. **કાપિ** = તેવી કોઈક ગોપી **હરિણા સમં** = હરિની સાથે **ઉદ્‌ગાયતિ** = ઊંચા સ્વરે ગાન કરે છે. (૭)

**ભાવાર્થ :** હે સખી, તમે જુઓ ! સુરત-સંગ્રામમાં ધીર એવી પેલી વ્રજાંગના પ્રાણેશને સામે જઈ આલિંગન આપતાં અત્યંત રોમાંચિત થઈ છે. તેનું સુભગ શરીર હર્ષથી સુપુષ્ટ બની ગયું છે. તે રતિ-રણમાં ધીર બની, ઝૂમતી, પ્રિયતમ સાથે સ્વર મિલાવી ઉચ્ચ સ્વરે મધુર ગાન કરે છે. (૭)

**વિવેચન :** પુષ્ટિરસપાનથી અંગ અલૌકિક બની સુપુષ્ટ બને છે. તેનું નામ જ 'તનુનવત્વ.' પ્રભુના અંગ-સંગથી ભક્તનાં રોમ રોમ પ્રફુલ્લિત થાય. ત્યારે હૃદયનો દિવ્ય રસ લીલાગાન રૂપે બહાર પ્રકટે. ભક્તના રસાવેશથી ભગવાન પણ રસાવિષ્ટ બને. ઉભય મળીને રસપોષક ગાન કરે.

વિષયરસ કરતાં ભગવદ્-રસ વિલક્ષણ છે, ભગવદ્-રસ આત્મ-ભોગ્ય છે. તે સર્વ ઇન્દ્રિયોથી એક સાથે મણાય છે.

પ્રભુ આપણા રોમ-રોમમાં વ્યાપ્ત થાય તે 'પરિરંભ'. તેનો અનુભવ ઉત્કટ વિરહાવસ્થામાં થાય. પ્રભુનું આ વિપ્રયોગ-ધર્મી સ્વરૂપ છે. જે વિરહને સહે તે આ સુખને પામે.

આ ગોપાંગના 'તામસ-સાત્વિક' છે. રતિ-સંગ્રામ 'તામસ' ધર્મ છે. ગાન 'સાત્વિક' ધર્મ છે. (૭)

## પદ : ૮

વિભ્રમ સંભ્રમ ગલદંચલ
મલયાંચિત અંગસુદારમ્
પશ્યતિ સસ્મિતમપિ વિસ્મિતમનસા
...સ્થલ સવિકારમ્. ૮

### પદ્યાનુવાદ : (ગુજરાતી)

રમતાં સંભ્રમથી સરતાં પટ,
ચંદન લિપ્ત ઉદાર,
નિરખે સ્મિતમય વિસ્મિત મનથી,
પિયુ એ વપુ સવિકાર. ૮

(વ્રજભાષા)

વિલસત સંભ્રમસોં, પટ સરકત
અચરજ હોત અપારા,
ચતુર પ્રિતમ, વાકો ચંદનચર્ચિત
નિરખત અંગ ઉદારા,
નયન દોઉ વહત વિકારા,
વ્રજમેં વિહરત નંદલાલા.

**અન્વયાર્થ : વિભ્રમ સંભ્રમ** = ઉતાવળમાં, **ગલદંચલ** = પાલવ સરકે છે, **મલયાંચિત** = ચંદનથી લેપાયલ, **અંગસુદારમ્** = સુંદર અંગ, **વિસ્મિતમનસા** = વિસ્મયપૂર્વક, **સવિકારમ્** = વિકાર સહિત, **સસ્મિતમપિ** = સ્મિતપૂર્વક, **પશ્યતિ** = નિરખે છે. (૮)

**ભાવાર્થ :** આ પદનો ભાવાર્થ શ્રીવ્રજેશ અને વ્રજાંગના ઉભયના અર્થમાં ઘટાવી શકાય.

ઉતાવળમાં કોઈ સુનયના ગોપિકાનો પાલવ વક્ષઃસ્થળ પરથી સરકી જતાં, તેના ચંદનથી લેપાયેલ સુખદ, વિશાળ ઉરોજોને, શ્રીશ્યામસુંદર વિસ્મય અને વિકાર સહ, આસક્તિપૂર્વક-સસ્મિત નયને નિરખે છે.

લીલાવિહારની ત્વરિતતાથી શ્યામસુંદરના પીતાંબરનો છેડો હૃદયપ્રદેશ પરથી ખસી જતાં, વિશાળ સુંદર હૃદયપ્રદેશને સુનયના ગોપિકા વિસ્મય અને વિકાર સહિત સ્મિતપૂર્વક નિરખે છે. (૮)

**વિવેચન :** ગોપિકાની દૃષ્ટિમાં વિકાર શાનો ? પ્રભુ ગોપાંગનાઓના સમૂહમાં ક્રીડા કરી રહ્યા છે, તેથી આ ગોપિકાને મનવાંછિત એકાંત નથી મળ્યું તેથી દૃષ્ટિમાં કામનો વિકાર છે અને મંદ મુસ્કાન પણ છે. આથી આ ભક્ત તામસ-રાજસ છે.

ચંદનચર્ચિત શ્રીઅંગના વર્ણનથી વસંતખેલનું પણ સૂચન છે. (૮)

## પદ : ૯

ચલતિ કયાપિ સમં સકરગ્રહ
મલસતરં સવિલાસમ્.
રાધે તવ પૂરયતુ મનોરથ
મુદિતમિદં હરિરાસમ્. ૯

**પદ્યાનુવાદ :** (ગુજરાતી)

કોઈ સંગે કર ગ્રહીને ચાલે,
અલસ ભર્યા સવિલાસે,
રાધે તવ પૂરો જ મનોરથ,
પ્રગટિત આ હરિ-રાસે. ૯

(વ્રજભાષા)

ચતુરા કે સંગ ચલત વર-વિઠ્ઠલ,
કર ગ્રહિ ગજગતિ ચાલો,
પ્રિય "વ્રજરત્ન" કે પરમ રસીલે,
વિલસત મદન ગોપાલો,
લિયે સંગ વ્રજકી બાલા,
વ્રજમેં વિહરત નંદલાલા.

**અન્વયાર્થ : અલસતરં** = આળસયુક્ત, **સવિલાસમ્** = વિલાસવશ, **કયાપિ** = કોઈકનો, **સકરગ્રહમ્** = હસ્ત પકડીને, **સમં** = સાથે, **ચલતિ** = ચાલે છે, **રાધે** = હે રાધે, **ઈદં** = આ, **હરિ-રાસમ્** = શ્રીહરિની રાસક્રીડાને, **ઉદિતં** = જોઈ ને, **તવ** = તારા, **મનોરથમ્** = મનોરથ, **પૂરયંતુ** = પૂર્ણ થાઓ. (૯)

**ભાવાર્થ :** લીલા-વિહારથી રસવશ બનતાં આળસયુક્ત અંગવાળા પ્રાણેશ વિલાસવશ, કોઈક વ્રજાંગનાનો હસ્ત પકડીને તેની સાથે ચાલી રહ્યા છે. નિકુંજમાં રસદાનાર્થે પધારી રહ્યા છે.

હે રાધે! શ્રીહરિવરની આ પ્રકટિત રાસ-ક્રીડાનાં દર્શન કરીને, તારા મનના મનોરથો પૂર્ણ થાઓ. (૯)

**વિવેચન :** 'સકર ગ્રહમ' = હાથ પકડીને હાથ પકડવો એટલે લગ્ન કરવું. બીજો અર્થ છે સંપૂર્ણ આશ્રય આપી, તેનું કાર્ય સિદ્ધ કરી આપવું. જેમ લગ્ન દ્વારા જીવનભરનો સંબંધ બંધાય, તેમ ભગવાન અને ભક્તનો આ સંબંધ ક્ષણિક નથી-નિત્યનો છે, જન્મજન્માંતરનો છે. પ્રભુ પોતાના 'નિજજનોનું' સ્વયં પાણિ-ગ્રહણ કરીને એમને નિજલીલાનું સુખ આપવા લઈ જાય છે, એ ભાવ છે.

આ વ્રજાંગના લીલા-વિહારથી અતિ શ્રમિત અને શિથિલ થયેલા પ્રભુના પરિશ્રમનો વિચાર ન કરતાં, તેમનો શ્રીહસ્ત પકડી, સર્વની વચ્ચેથી તેમને અલગ નિકુંજમાં પધરાવી જાય છે. માટે આ ભક્ત 'તામસ-તામસ' છે.

આમ શ્રીલલિતાજીએ શ્રીરાધાજીને શ્રીરસેશના લીલા-વિલાસનાં દર્શન કરાવી, તેનું ગાન કર્યું. શ્રીરસેશના આ લીલા-વિલાસને નિરખી વિપ્રયોગના અગ્નિથી પીડિત શ્રીરાધાજીને લલિતાજી વિનંતિ કરે છે: તમારી સંમતિથી જ પ્રભુ સર્વ વ્રજાંગનાઓને સ્વરૂપાનંદનો અનુભવ કરાવે છે; તેમના મનોરથ પૂર્ણ કરે છે. તે સર્વ સગુણ ભક્તો છે. જ્યારે આપ તો પ્રિયતમના પ્રાણેશ્વરી છો, નિર્ગુણ છો. આપને અત્યારે વિપ્રયોગ બાધા કરે છે, પરંતુ પ્રિયતમ શ્રીશ્યામસુંદર આપની પાસે પધારી, આપના સર્વ મનોરથો અવશ્ય પૂરાં કરશે. (૯)

## હરિરિહ વ્રજયુવતી શતસંગે

રાગ–વસંત

હરિરિહ વ્રજ યુવતી સતસંગે
વિલસતિ કરિણીગણવૃતવારણવર ઈવ રતિપતિમાનભંગે ।। ધ્રુવ ।।
વિભ્રમ સંભ્રમ લોલ વિલોચન સૂચિત સંચિત ભાવમ્
કાપિ દૃગંચલ કુવલય નિકરૈરંચતિ તં કલરાવમ્ ।।૧।।
સ્મિત રુચિ રુચિરતરાનન કમલમુદીક્ષ્ય હરે રતિકન્દમ્
ચુમ્બતિ કાપિ નિતમ્બવતી કરતલધૃતં ચિબુકમમન્દમ્ ।।૨।।
ઉદ્ભટભાવ વિભાવિત ચાપલ મોહન નિધુવન શાલી
રમયતિ કામપિ પીનઘનસ્તન વિલુલિત નવ વનમાલી ।।૩।।
નિજપરિરમ્ભ કૃતેનુ દ્રુતમભિવીક્ષ્ય હરિં સવિલાસમ્
કામપિ કાપિ બલાદકરોદગ્રે, કુતુકેન સહાસમ્ ।।૪।।
કામપિ નીવીબન્દ વિમોકસ સંભ્રમ લજ્જીતં નયનામ
રમયતિ સમ્પ્રતિ સુમુખિ બલાદપિ કરતલધૃત નિજવસનામ્ ।।૫।।
પ્રિયપરિરમ્ભ વિપુલ પુલકાવલિ દ્વિગુણિત સુભગ શરીરા
ઉદ્ગાયતિ સખિ કાપિ સમં હરિણા રતિરણધીરા ।।૬।।
વિભ્રમ સમ્ભ્રમ ગલદંચલ મલયાંચિત મંગમુદારમ્
મશયતિ સસ્મિતમપિ વિસ્મિતમનસા સુદૃશઃ સવિકારમ્ ।।૭।।
ચલતિ કયાપિ સમં સકરગ્રહ મલસતરં સવિલાસમ્
રાધે તવ પૂરયતુ મનોરથ મુદિતમિદં હરિરાસમ્ ।।૮।।

વેણુધર અંક-૧૨ : ઓગસ્ટ-'૬૪ : ૬૯

પૂર્વ ભૂમિકા :–ઉપરોક્ત અષ્ટપદી નવઘનશ્યામતમાલ, શૃંગારકલ્પદ્રુમ સમા શ્રી વિઠ્ઠલનાથજી (શ્રી ગુસાંઈજી) રચિત છે. આપણા પુષ્ટિમાર્ગીય બધા મંદિરોમાં તેમજ શ્રી ઠાકોરજીની સેવા કરનાર વૈષ્ણવોના ઘરમાં મંગલાના દર્શન ખુલતી વખતે 'મંગલમ્ મંગલમ્ વ્રજભૂમિ મંગલમ્' એ કીર્તન નિત્ય ગવાય છે. તેવીજ રીતે ઉપરોક્ત અષ્ટપદી વસંતપંચમીથી ફાગણ સુદી અર્થાત્ કુંજએકાદશીના આગલા દિવસ સુધી નિત્ય રાજભોગના વસંતખેલ શરૂ થતાંજ ગવાય છે. ઉપરોક્ત અષ્ટપદીનો ભાવ ઘણોજ ગહેરો, રહસ્યમય તેમજ રસેશ શ્રી કૃષ્ણની રસરૂપ લીલાનું અવગાહન કરનારા ભગવદ્ ભક્તો માટે હૃદયમાં ઉતારવા જેવો છે. ઘણા વર્ષ પહેલાં વલ્લભી સુધાના માસીકમાં કોઈ ભગવદીયે તેનો ગુજરાતી અનુવાદ છપાવેલો છે છતાં હાલમાં વસંતરૂતુ હોવાથી અને જેમના ઘરોમાં પુષ્ટિ પ્રણાલિકા અનુસાર યત્ કિંચિત શ્રીની ટહેલ થતી હોય તેવાઓને ઉપરોક્ત કીર્તનનો ભાગ ઘણો જ લાભદાયી થશે. વસંતના ખેલના સમયે શ્રી રાધિકાજીએ માન કર્યું છે, શ્રી ઠાકોરજી અનેક ભક્તો સાથે વસંત ખેલી રહ્યા છે. વસંત નામ

ફાગના ખેલ પરકીય ભાવસંપન્ન વ્રજલલનાઓ માટે પરમ ફલરૂપ છે કારણકે સૌ કોઈના દેખતાં નિઃશંકતાથી તેમ જ પરમ આનંદપૂર્વક પોતાના પ્રાણવલ્લભ વ્રજરાજ સાથે ખેલી શકાય છે અને તેથીજ અષ્ટસખાઓ ગાય છે કે 'સબ ફૂલહીં ફૂલ ફાગ' પોતાના પ્રાણેશને આવી રીતે

અનુરાગભર્યા વ્રજભક્તો સાથે ખેલતાં જોઈ સકલસિદ્ધિ સંપાદિકે, સકલકલાનિપુણ તદપિ ભોરી એવા શ્રી રાધિકાજી માન કરે છે તે જોઈ શ્રી ગુસાંઈજી ચંદ્રાવલી સ્વરૂપે અર્થાત્ સહચરી સ્વરૂપે શ્રી રાધિકાજીને માન છોડવા વિનંતિ કરે છે.

ટીકા ( વ્રજભાષામાં ) :–સહચરી કહે હૈં, હે રતિપતિમાનભંગે નામ કામદેવકે માનકો ભંજન કરવેવારી હે શ્રી રાધે, દેખ, યા સમય હરિ જો સબકે દુઃખ હર્તા શ્રી કૃષ્ણ, જો તુમ્હારે મન હર્તા ભર્તા હૈં યે, જૈસે હસ્તીનીકે સંગમેં ગજરાજ વિહાર કરે હૈં તેસે વિહાર નામ ક્રિડા કરે હૈં. યહાં કોઉ શંકા કરે જો પ્રભુનકે વિહારમેં હસ્તીનકે વિહારકો દ્રષ્ટાંત કૈસે ? તાકો સમાધાન યે હૈં જો હસ્તીનીકે ઝુંડમેં એકહી હસ્તી વિહાર કરે હૈં, ફેર જા વનમેં વિહાર કરે હૈં, તહાં દુસરો હસ્તી ન આય શકે. કદાપિ આય જાય તો વિહાર કર્તા એક યશોદોત્સંગલાલિત શ્રી કૃષ્ણહી હૈં, તાતેં ગજરાજકે રમણકો દ્રષ્ટાંત હૈં–અબ આગે પદમેં વિહાર વર્ણન કરે હૈં.

વિભ્રમ ઇતિ–ગોપાંગનાકે યુથમેં કોઈ ગોપી અપને નેત્ર કટાક્ષ રૂપ કમલન કરકે શ્રી કૃષ્ણકો પૂજન કરે હૈં. તા સમય પ્રભુ કૈસે શોભાયમાન હૈં જો ગોપાંગનાકે યુથમેં વિહારસંભ્રમતેં ચંચલનેત્રન કરકે સંચિતભાવકી સૂચના કરે હૈં ઓર મધુર શબ્દ બોલે હૈં તાસે રસકો ઉદ્‌બોધ કરે હૈં. યામેં સાત્વિક સાત્વિક ભક્ત કે યુથમેં વિહાર

વર્ણન હૈં. કાહેતેં પૂજન સાત્વિક ધર્મ હૈં. અબ આગે પદમેં સાત્વિક રાજસ ભક્તનકે યુથમેં વિહાર વર્ણન કરે હૈં–

ઉચ્ચિલરુચિ ઇતિ :–કોઈ ગોપાંગના નિતંબવતી, નામ કટીકે પીછેકો ભાગ સુંદર હૈ જાકો, સો ગોપાંગના શ્રી કૃષ્ણકો મંદહાસ્યયુક્ત અતિસુંદર આનંદકંદ મુખકમલ દેખકે અપને કરતેં ગ્રંથિત પ્રભુનકી ચીબુક ધરકે ચુંબન કરે હૈં. યામેં ભાવ–જૈસે ભ્રમર કમલપર બેઠકે રસપાન કરે હૈં તેસે અધરામૃત મુખકમલકો રસપાન કરે હૈં તાતેં સાત્વિક રાજસ ભાર ઠારે. રતિકો આનંદ એક હસ્તીકોહી હૈં તાતેં રસશાસ્ત્રમેં દ્રષ્ટાંત હસ્તીકો દેકેં. સો રસશાસ્ત્રોક્ત ભક્ત હૈં. આગે પદમેં સાત્વિક તામસ ભક્તકે યુથમેં વિહાર હૈ.

ઉદ્દભટક્ષાવ ઇતિ :–ઉદ્દભટ કામભાવ કરકે ઓર ભક્તજનકે મનહરણ જો શ્રી કૃષ્ણ સો નિધુવનકે વિષે શોભાયમાન હોયકે કોઇ વ્રજાંગનાકે સંગ રમણ કરે હે તાકે પીનઘનસ્તનકે ઉપર વ્રજરાજ કી વનમાલા વિલુલિત હોય હે, યહ ભક્ત સાત્વિક તામસ હેં કાહેંતે જો રસકી પરાકાષ્ટા–રમણકે વિશે પ્રભુનકો નિમગ્ન કર લીયે હેં. અબ આગે પહમેં

નિજપરિરંભ ઇતિ :–શ્રીકૃષ્ણ કોઈ વ્રજાંગનાકે આલિંગનકે લીયે દ્વારે પધારે હેં તબ સો વ્રજાંગના વિલાસસંયુક્ત શ્રી વ્રજરાજકો અપને સન્મુખ આલિંગનકે લીયે આવતે દેખકે દુસરી ગોપાંગના બલાત્કાર આગે કરકે આપ પીછે છીપે હેં. યા પ્રકાર કૌતુક દેખકેં શ્રી વ્રજરાજ હાસ્યયુક્ત હોયે હેં. યામેં રાજસ રાજસ ભક્તનકે અપને સન્મુખ પ્રભુનકો આવતે દેખકેં રાજસ સાત્વિક ભક્તકો આગે કર દીયે હેં. અબ આગે પદમેં રાજસ–તામસ ભક્તકે યુથમેં વિહાર વર્ણન હેં–

કામપિનીવી ઇતિ :–સખી સહચરી જો હેં સો શ્રી સ્વામીનીજીસોં કહે હેં ! હે સુન્મુખિ રાધે ! શ્રી વ્રજરાજ કોઈ ગોપાંગનાકી નીવી વિમોચન કરે હેં તબ વો ગોપાંગના સંભ્રમતેં લજ્જીત હોયકે તા સમય બલ કરીને અપને વસન પકરે હેં–યા પ્રકાર પ્રભુ રમણ કરે હેં. યામેં પ્રભુ નીવી વિમોચન કરે હેં સો તો રાજસભાવ હેં ઓર વસન પકડ રાખનો સો તામસભાવ હેં અબ આગેકે પદમેં તામસ સાત્વિક ભક્તકે યુથમેં વિહાર વર્ણન હેં.

પ્રિયપરિરંભ ઇતિ :–હે સખી, કોઇ ગોપાંગના રતિસંગ્રામમેં જો ધીર હે સો અપને પ્રિય વ્રજરાજકો આલિંગન કરકે રોમાંચ હોયકે દ્વિગુણિત નામ દુની સુભગ સુંદર શરીરકી હોયકે પ્રભુનકે સંગ ઉંચે સૂરતેં ગાન કરે હેં યામેં રતિસંગ્રામ ધીરપનો હેં સો તામસભાવ હે તામેં ગાન જો હે સો સાત્વિક ભાવ હે. અબ આગે પદમેં તામસ રાજસ ભક્ત કે યુથમેં વિહાર વર્ણન હેં

વિભ્રમ સંભ્રમ ઇતિ :–કોઈ વ્રજાંગના હસીં સો અતિ વિસ્મય મન હોય કે અપને સુંદર નેત્રકટાક્ષ કરકે શ્રી વ્રજરાજકો દેખે હેં. જા વિહારકે સંભ્રમતેં ઉપરનાકો અંચલ નામ છેડા ગીર્યો જાયકે. ઓર ચંદન કરકે શ્રી-અંગ ચર્ચિત હે ઓર ભક્તજનકે મનોરથ પૂરણ કરવેમેં ઉદાર હે ઓર કામ વિકાર ભરે મંદ મુસ્કયાન કરે હેં એસે શ્રી કૃષ્ણકો ભક્ત દેખે હેં યામેં ભાવપ્રભુતકોં દુસરે ભક્તનકે રાજસ સાત્વિક ભક્ત ઓર રાજસ રાજસ ભક્તકે યુથમેં વિહાર હે.

મનોરથ પૂરણ કરતે દેખકે ઇર્ષાભાવતેં આપ જાયકે આલિંગનાદી નહિં કરે સો તામસ ભાવ હૈ ઔર આપને સુંદર નેત્ર કરકે પ્રભુનકો નીરખે હેં સો રાજસ ભાવહેં, અબ આગે પદમેં તામસ તામસ ભક્તકે યુથમેં વિહાર વર્ણન કરકે અષ્ટપદી સમાપ્ત કરે હેં

ચલતિ કયાપિ ઇતિ :–કોઇ ગોપાંગનાકે કર સહી શ્રી કૃષ્ણ ચલે હેં તા સમેં પ્રભુ કેસે સોભાયમાન હોય હેં જો આલસ સંયુક્ત હોયકે ભક્તજનકે હસ્ત પકડકે પધારે હેં ( ગમન મધુર નો ભાવ ) આપવિલાસ રસ-ભરે હેં તાતેં ભક્તજનકો રસદાન કરે હેં યામેં ભાવ-અલિસભરે પ્રભુનકો અન્યત્ર ભક્તનકે વિહાર છોડાયકે કોઉ ઔર વ્રજાંગના આપને સંગ પધરાય લે જાયહેં અર્થાત અન્યત્ર નિકુંજમેં પધરાવે હેં તાતેં તામસ તામસ ભાવ હે યા પ્રકાર પ્રભુનકો વિહાર વર્ણન કરકે સહનરી સખી શ્રી સ્વામિનીજીકો કહે હેં જો હે શ્રી રાધે, તુમ્હારે શ્રી કૃષ્ણકો યહ રાસવિલાસ જો હેં સો સબ ભક્તનકે મનોરથ પૂરણ કરે હેં ઔર તુમ્હારો મનોરથ તો સદા સર્વદા પૂરણ હોય હેઈ. ઇતિ ભાવ અર્થાત તુમ્હારે મનોરથ પૂર્ણ હોય.

